
ગાંધીનગર સમાચાર
તા. ૧૯-૧૧-૨૦૧૩, મંગળવાર

## તંત્રી સ્થાનેથી.....

### વાજપેયીજીને 'ભારત રત્ન' આપો

સચીન તેંડુલકર અને સી ઍન આર રાવને 'ભારત રત્ન' જાહેર કર્યો એની સાથે જ અટલબિહારી વાજપેયીને એ સર્વોચ્ચ સન્માનની નવાજેશ કરાઈ હોત તો સોનામાં સુગંધ જેવી રૂડી સ્થિતિ સરજાઈ જાત. હજી મોડું થઈ ગયું નથી. છવ્વીસમી જાન્યુઆરીની પૂર્વ સંધ્યા સુધીમાં યુપીએ સરકાર આવો નિર્ણય લઈ શકશે તો એથી એના સંવાહકો પ્રત્યે પ્રજામાં સદ્‌ભાવના જ જાગશે. 'ભારત રત્ન'એ દેશનું સર્વોચ્ચ સન્માન છે અને અત્યાર સુધી એ યોગ્ય રાષ્ટ્રીય નેતાઓ, કલાકારો, કેળવણીકારો અને વૈજ્ઞાનિકોને અપાયેલ છે. મહાત્મા ગાંધીને રાષ્ટ્રે રાષ્ટ્રપિતા તરીકે સ્વીકારેલ હોઈ એમને આ સન્માન નથી અપાયું, કારણ કે તેઓ બધાં માન-અકરામથી મોટી હસ્તી બની ચૂક્યા હતા. પરંતુ સરદાર પટેલને અને બાબા સાહેબ આંબેડકરને ઘણા લાંબા સમય પછી એ સન્માનથી નવાજવામાં આવ્યા તે ચર્ચાસ્પદ બન્યું હતું. નહેરુ ગાંધી પરિવારના ત્રણેય વડાપ્રધાનોને આ સન્માન સમયસર અપાયું હતું, એ મુદ્દો ચગાવી ભાજપ આ સર્વોચ્ચ સન્માનના નામે રાજકારણ રમતું રહ્યું છે. ભાજપના પ્રવક્તા રવિશંકર પ્રસાદે સચીન તેંડુલકર કે વૈજ્ઞાનિક રાવને 'ભારત રત્ન' અપાયું એનો વિરોધ નથી કર્યો પરંતુ વાજપેયીને આ સર્વોચ્ચ સન્માન નહીં અપાયું હોવાનો બળાપો જરૂર કાઢ્યો છે. દેશના કોઈપણ ખૂણે વાજપેયી વિશે વિધાયક અભિપ્રાય પ્રવર્તે છે એ વિશે તો કોંગ્રેસના સર્વોચ્ચ નેતાઓ પણ સહમત થશે. વાજપેયીજીને સર્વોચ્ચ સન્માન આપાવવા માટે ભાજપ તરફથી માગણી મૂકવી પડે તે જ ખરેખર તો કમનસીબ ઘટના ગણાવી જોઈએ. સરદાર મનમોહનસિંહે યુપીએ સરકારના પહેલા સત્રમાં જ વાજપેયીજીને 'ભારત રત્ન'ની નવાજેશ કરવી જોઈતી હતી, પરંતુ એ કદાચ એટલા સ્વંતત્ર ન હતા. જો આટલી સદ્‌બુદ્ધિ અહમદ પટેલને સૂઝી હોત તો રાજકીય સલાહકાર તરીકે એમણે સોનિયા ગાંધીનું ધ્યાન દોર્યું હોત અને કામ સુપેરે પાર પડી ગયું હોત. ભાજપના રવિશંકર- બવિશંકરને આવો ઊહાપોહ ઊભો કરવાની તક જ ન સાંપડી હોત. રમતગમત ક્ષેત્રે આ સર્વોચ્ચ સન્માન ન એવા શિરસ્તાને અવગણતાં ફક્ત એક જ દિવસ લાગ્યો અને સચીન તેંડુલકરને 'ભારત રત્ન' મળી ગયું. સચીન કરતાં અટલબિહારી વાજપેયી અનેક રીતે આ સન્માન માટે વધારે લાયક માણસ હતા. એમને ફક્ત વિરોધ પક્ષના નેતા હોવાના કારણે આ સન્માનથી વંચિત રાખવા એ તો સત્તાધારી પક્ષ માટે નામોશી જેવી બાબત જ બની રહેશે. બિનકોંગ્રેસી વડાપ્રધાન તરીકે સ્વર્ગસ્થ મોરારજી દેસાઈને આ સન્માન અપાયું એ જ પ્રમાણે અટલબિહારી વાજપેયીને પણ અપાવું જોઈએ અને એમની હયાતીમાં જ અપાવું જોઈએ. 'ભારત રત્ન' સન્માન જો દક્ષિણ આફ્રિકાના નેતા નેલ્સન મંડેલાને આપી શકાતું હોય તો આપણા રાષ્ટ્રીય નેતા તરીકે પ્રજાહૃદયમાં વસી ગયેલા અટલબિહારી વાજપેયીને પણ આપવું જ જોઈએ. એથી ઊલટાનું એ સન્માન જ વધારે ઊજળું થશે. જેમ સચીનને એ સર્વોચ્ચ સન્માન આપવાથી એ સન્માનનું મૂલ્ય ઘટી નથી જતું એથી ઊલટું વાજપેયીને એ સન્માન આપવાથી તો એનું મૂલ્ય વધવાનું છે. આવાં સર્વોચ્ચ અલંકરણોથી વિવાદો ઊભા ન થવા જોઈએ. કમનસીબી એ છે કે આપણે ત્યાં નેતાઓને આ અલંકરણ વેળાસર નહીં આપવાથી એ રાજકીય વિવાદના મુદ્દા બનતા રહ્યા છે. અટલબિહારી વાજપેયીને ટાળવાથી આગામી ૨૦૧૪ની ચૂંટણીમાં વિના કારણે કોંગ્રેસ એના વિરોધીઓને એક મુદ્દો આપી રહી છે. ભાજપે પણ જો એ અટલબિહારી વાજપેયીને ખરા અંતઃકરણથી સન્માન અપાવવા માગતું હોય તો આ મુદ્દાને કડવાશપૂર્વક ઉછાળવાને બદલે સૌમ્ય રીતે રજૂઆત કરવી જોઈએ. 'પક્ષાપક્ષી ત્યાં નહીં પરમેશ્વર'- એ નરસિંહ મહેતાનું વેણ આટલાં વર્ષો પછી પણ આપણને કેટલું સાર્થક અને પ્રાસંગિક લાગે છે! સચીન તેંડુલકરને સન્માન આપીને રાજકીય રીતે એના નામનો દુરુપયોગ કરવો તે અનિચ્છનીય ગણાય તે જ રીતે અટલબિહારી વાજપેયીને આ સન્માન નહીં મળ્યાની વાત ઉછાળી એમનું નામ વટાવવાની વૃત્તિ પણ અનુચિત જ ગણાવી ઘટે.

# માણસાની કચરાજ સોસાયટી ખાતે નૂતનવર્ષ નિમિત્તે રમત-ગમત સ્પર્ધા યોજાઈ



માણસા નગરની શ્રી કચરાજ સોસાયટીમાં આજરોજ સોસાયટીના સભ્યો દ્વારા સ્નેહમિલન અને રમત ગમત સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાઈ ગયો. કચરાજ સોસાયટી દ્વારા આજ રોજ વર્ષ ૨૦૬૯ની વિદાય અને ૨૦૭૦ના વર્ષને આવકારવાનો સમારોહ યોજાઈ ગયો જે અંતર્ગત સમારોહમાં સોસાયટીના સદસ્યોએ પરસ્પર નૂતનવર્ષની શુભકામનાઓ પાઠવી હતી. કાર્યક્રમમાં મહિલાઓ, બાળકો, યુવાનો અને વડીલોએ વિવિધ રમત રમી આનંદ મેળવ્યો હતો. જેમાં વિજયી થયેલા સ્પર્ધકોને ઈનામ આપી નવાજવામાં આવ્યા હતાં. (તસવીર : આર.એચ. પ્રજાપતિ)

## રાજ્યની માસ્ટર્સ એથ્લેટીક્સ ચેમ્પિયનશીપમાં જિલ્લાના ૧૪ રમતવીરોને ૩૦ ચંદ્રકો

ગાંધીનગર, તા. ૧૮

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્પોર્ટસ ગ્રાઉન્ડ રાજકોટ ખાતે ૩૩મી માસ્ટર્સ એથ્લેટીક્સ ચેમ્પિયનશીપ ઓફ ગુજરાત-૨૦૧૩ તા. ૧૬, ૧૭ નવેમ્બરના રોજ યોજવામાં આવી હતી.

રાજકોટ ખાતે યોજાયેલ માસ્ટર્સ ચેમ્પિયનશીપમાં ગાંધીનગર જિલ્લામાંથી એથ્લેટિક્સ એસોસિએશન દ્વારા ૧૪ ખેલાડી ભાઈ-બહેનો ભાગ લેવા માટે રાજકોટ મોકલ્યા હતા. જેમાં અલગ અલગ વય જૂથમાં આ ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વિવિધ રમતોમાં ૨૧ ગોલ્ડ, ૭ સિલ્વર, ૨ બ્રોન્ઝ મેડલ મેળવી જિલ્લાનું નામ રોશન કર્યું હતું.

સ્પર્ધામાં ભાગ લઈ મહેન્દ્રકુમાર મહેતાએ ૧૫૦૦મી રન, ૪૦૦ મી હેન્ડલ અને ૧૧૦મી હેન્ડલમાં પ્રથમ રહ્યા હતા. કાન્તિભાઈ પટેલ હેમર થ્રો, ચક્ર ફેંક અને જ્વેલિયન થ્રોમાં પ્રથમ રહ્યા હતા. મહેશભાઈ કટારા, લાંબીકૂદમાં પ્રથમ ૪૦૦મી રનીંગ દ્વિતીય, ૮૦૦ મી. રન પ્રથમ રહ્યા હતા. ડૉ. રાજન સોનેરાવ ૧૦૦મી રનીંગ પ્રથમ, ૨૦૦મી રનમાં અને ગોળાફેંકમાં દ્વિતીય સ્થાને રહ્યા હતા. ગિરીશ ગઢવી ૫૦૦મી વોકમાં પ્રથમ, ૪૦૦મી રન અને ૮૦૦ મી રનમાં તૃતીય, બાબુભાઈ તરાલ ઊંચીકૂદમાં પ્રથમ, ઈંદુમતીબેન નિમાવત ગોળાફેંક, ૧૦૦ મી રન, ૨૦૦ મી રનમાં પ્રથમ રહ્યા હતા. એમ.બી. ભાઈજી ગોળાફેંક, ચક્રફેંક અને હેમરથ્રોમાં પ્રથમ રહ્યા હતા, કિર્તિબેન પી. મહેતા ૪૦૦ મી હેડલ્સ ૧૦૦ મી. હર્ડલ્સ, ૩૦૦ મી ટ્રીયલમાં પ્રથમ રહ્યા હતા. શારદાબેન પાંડવ, ગોળાફેંકમાં પ્રથમ, હેમર થ્રો અને ચક્રફેંકમાં દ્વિતીય જ્યારે કિર્તીબેન એમ. મહેતા ૫ કિ.મી. વોક.માં દ્વિતીય અને ૧૦૦મી હર્ડલ્સમાં દ્વિતીય સ્થાને રહીને ગાંધીનગર શહેર અને જિલ્લાનું નામ ગુંજતુ કર્યું હતું.

રાજકોટ ખાતે નામ રોશન કરનાર અને પ્રથમ અને દ્વિતીય ક્રમે આવનાર ખેલાડીઓ રાષ્ટ્રકક્ષાએ જયપુર ખાતે ભાગ લેવા જશે. તેમ સંસ્થાના પ્રમુખ દિનેશસિંહજી બી. ચાવડાએ જણાવ્યું હતું અને વિજેતા ખેલાડીઓને શુભેચ્છા આપી બિરદાવ્યા હતા.

## વિકલાંગો માટે રોજગાર ભરતી મેળાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૮

વિકલાંગ વ્યાવસાયિક પુનર્વસન કેન્દ્ર અને રૂરલ ડેવલોપમેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટના સહિયારા પ્રયાસથી વિકલાંગો માટે રોજગાર ભર્તી મેળાનું આયોજન તા. ૨૨ નવેમ્બર સવારે ૧૦ કલાકે રૂરલ ડેવલપમેન્ટ ઈન્સ્ટીટ્યુટ, નંદીની, નિલયમ સંસ્કૃતિ ગૃહ ૪૧૧/૧ પંજાબ નેશનલ બેંકની બાજુમાં ગોતા ચોકડી, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે. જેમાં ડેટા એન્ટ્રી, ગ્રાફીક ડીઝાઈનર, ફીટર, ટર્નર, પ્લમ્બર, એ.સી. રીપેરીંગ જેવા કોર્ષ કરેલ ઉમેદવારોએ જરૂરી તમામ પ્રમાણપત્રો સાથે હાજર રહેવું.

## સીબીએસઈ દ્વારા પરીક્ષા પદ્ધતિના સેમ્પલ પેપરો અપલોડ કરાયા

અમદાવાદ, તા.૧૮

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકેન્ડરી એજ્યુકેશન એ હાલમાં જ મોડિફાઈ અભ્યાસક્રમના સેમ્પલ પેપર્સ વેબસાઈટ ઉપર અપલોડ કર્યા છે. જેથી હવે વિદ્યાર્થીઓને નવી પેટર્ન પર થનારા પ્રશ્નો વિશે માહિતી મળી રહેશે. સીબીએસઈ દ્વારા સમેટિવ એસેસમેન્ટ અને માર્ચમાં લેવાનારી બોર્ડની પરીક્ષા માટે આ અભ્યાસક્રમ મોડિફાઈડ કરવામાં આવ્યો હતો. આ નવી પેટર્ન આગામી પરીક્ષાથી લાગુ થનાર છે.

સીબીએસઈ દ્વારા સ્કુલના વિદ્યાર્થીઓ માટે પરીક્ષાનું સેમ્પલ પેપર ૧૦૦ માર્કસનું કરવામાં આવ્યુંછે. જેને સોલ્વ કરવા માટે વિદ્યાર્થીઓને પરીક્ષામાં ત્રણ કલાકનો સમય આપવામાં આવશે. આ સેમ્પલ પેપર્સમાં ત્રણથી પાંચ અંકના પ્રશ્નો પણ પૂછવામાં આવ્યા છે. આ પરીક્ષા પદ્ધતિ મુજબના દરેક વિષયના ત્રણ પ્રશ્નપત્રો સીબીએસઈએ વેબસાઈટ ઉપર અપલોડ કર્યા છે. જેમાં એબી એન સી પાર્ટ છે. આ પ્રશ્નપત્રોને વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરીને વિદ્યાર્થીઓ નવી પરીક્ષા પદ્ધતિ જોઈ શકશે આ ઉપરાંત આ પ્રશ્નપત્રો સોલ્વ કરીને વિદ્યાર્થીઓ પરીક્ષા પહેલા પરીક્ષાનું પુનરાવર્તન પણ કરી શકશે.

સીબીએશઈ દ્વારા પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરવામાં આવ્યા છે તેને લઈને આગામી પરીક્ષામાં પેપરની પેટર્ન કેવી હશે તેને લઈ વિદ્યાર્થીઓ મુઝવણમાં હતા ત્યારે બોર્ડ દ્વારા સેમ્પલ પેપર વેબસાઈટ ઉપર અપલોડ કરતા વિદ્યાર્થીઓને પરીક્ષાની તૈયારીમાં મદદરૂપ થશે. દરેક વિષયના ત્રણ પેપર સેટ વેબસાઈટ ઉપર અપલોડ કરવામાં આવ્યા હોવાથી વિદ્યાર્થીઓ એક વિષયની ત્રણ વાર પ્રેક્ટીસ કરી શકશે. આ ઉપરાંત બોર્ડ પરીક્ષા માટે પણ આ પ્રશ્નપત્રો વિદ્યાર્થી ઓ માટે મદદરૂપ થસે. સીબીએસઈ દ્વારા ઓનલાઈન પેપર સોલ્વ કરવાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે જેથી નવી પેટર્નમાં વિદ્યાર્થીઓ કેટલા સેટ થઈ શકે છે તે ખ્યાલ સીબીએસઈને પણ આવશે જેના કારણે વિદ્યાર્થીઓના પરીણામ સુધરશે.

## હરિની દૃષ્ટિ...



ના, ના એવું કંઈ નથી... ગઈ સાલ ગાંધીનગરમાં મકાન ખરીદ્યું...!!

## શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા સ્નેહમિલન-તેજસ્વી વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શ્રીમાળી સમાજનો નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમ અને તેજસ્વી તારલા સન્માન સમારંભનો કાર્યક્રમ તા. ૨૪ નવેમ્બર સવારે ૯.૩૦ કલાકે સેક્ટર-૩૦ ખાતેના વનચેતના પ્રાકૃતિક વાતાવરણમાં યોજાવનાર છે. તેજસ્વી વિદ્યાર્થીઓ જે તે સેક્ટરના પ્રતિનિધિને મોકલવા પ્રમુખશ્રી વિપીનભાઈ ઓઝા અને શ્રી પરેશભાઈ ત્રિવેદીએ ભારપૂર્વક જણાવ્યુ છે.

## સે-૨૬ ખાતે બ્રહ્માકુમારી વિદ્યાલયનું ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા.૧૮

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય ગાંધીનગર દ્વારા દિવ્ય જીવનના સંદેશ સાથે બ્રહ્માકુમારી વિદ્યાલયનું ઉદઘાટન પ્લોટ નં. ૧૬/૨ કિસાનનગર સે-૨૬ ખાતે નવી શાખાનું ઉદઘાટન ગુજરાત ઝોન સંચાલિકા બ્રહ્માકુમારી સરલાદીદી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ધારાસભ્ય અશોકભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ નિતીનભાઈ પટેલ, કોર્પોરેટર દેવેન્દ્રસિંહે ઉપસ્થિત રહી પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. જેમાં સંસ્થાની સરલાદીદી દ્વારા નગરજનોને મુલાકાત લેવા જણાવ્યું હતું.

## અમદાવાદ ખાતે મોતીભાઈ અમીન પારિતોષિક એનાયત સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૮

રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિ પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા સ્વ. શ્રી મોતીભાઈ અમીન ઉત્તમ ગ્રંથાલય સેવા પારિતોષિક અને ઉત્તમ ગ્રંથાલય સેવા પ્રમાણપત્ર એનાયત સમારોહ તા. ૧૮ નવેમ્બર ભાઈકાકા ભવન અમદાવાદ ખાતે યોજવામાં આવ્યો હતો.

ગ્રંથાલય સેવા પ્રમાણપત્ર યોજના અન્વયે વર્ષ ૨૦૧૨-૧૩ના વિજેતા ગ્રંથાલયો અને વિજેતા ગ્રંથાલયોના ગ્રંથપાલોને પારિતોષિક પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. મંત્રી શ્રી રમણલાલ વોરાના અધ્યક્ષસ્થાને યોજવામાં આવ્યો હતો. જેમાં ડૉ. કિરીટભાઈ સોલંકી , સાંસદ રાકેશાઈ શાહ ધારાસભ્ય તેમજ ભાગ્યેજભાઈ જ્હા આઈ.એ.એસ. યુવા અને સાંસ્કૃતિક વિભાગ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં પ્રતિમાબેન દરજી-વિસનગર, હીનાબેન દેસાઈ-કલોલ, કરણસિંહ ચુડાસમા-સોનગઢ, વીણાબેન પટેલ-સુરત અને દર્શનાબેન પારેખ-ધમછાડાને પારિતોષિક અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. તેમ ડૉ. વર્ષાબેન મહેતા ગ્રંથાલય નિયામક ગુજરાત રાજ્યે જણાવ્યું હતું.

# આરઝી હકૂમતઃ સોરઠનો સુવર્ણ કળશ

**તેજ તણખો**
- વી. એસ. ગઢવી

આમ તો આપણા વિશાળ દેશના દરેક પ્રદેશ તથા લોકો કોઈને કોઈ પ્રકારની વિશિષ્ટતાઓ ધરાવે છે. દરેકના ભાતીગળ રંગોથી દેશનો નકશો શોભાયમાન છે. આમ છતાં કેટલાંક પ્રદેશો કવિઓ-સર્જકોને પોતાની તરફ થોડા વધારે આકર્ષિત કર્યા છે તેવું ઘણીવાર લાગે છે. આવો એક પ્રદેશ એ આપણાં રાજ્યમાં લોકવાણીમાં 'સોરઠ' તરીકે ઓળખાય છે. સમુદ્રના અગાધ વારી જ્યાં પવિત્ર જ્યોતિર્લીંગના પગ પખાળે છે તે આ મલક છે. ડાલામથ્થા સિંહબાળોની આણ આજે પણ તેમના વિસ્તારમાં સંપૂર્ણ રીતે પ્રવર્તે છે. ગરવા અને મહેનતકશ માલધારીઓનું જીવન એ વન અને વન્ય પ્રાણીઓ સાથે સહજીવનનો ઉલ્લાસ માણતું હોય તેવું લાગે. ક્યારેક સહજીવન જીવતા પક્ષોમાંથી એક પક્ષ મર્યાદા મૂકે તો હીરાબાઈ જેવી દુર્ગા ડાંગ લઈને તેનો ન્યાય તોળે છે. મેઘાણીભાઈ જેવા સમર્થ સર્જક નાની પણ ગૌરવપૂર્ણ આ ચડભડને 'ચારણ કન્યા' કાવ્યથી અમરત્વ પ્રદાન કરે છે. લોકકવિ કહે છે એક વખત તો સૌએ આ મુલકના દર્શનનો લાભ લેવો જ જોઈએ. નહિતર? નહિતર અવતાર એળે જાય! લાગણીનો કેવો કલાત્મક ઉછાળો!

સોરઠ ધરા ન સંચર્યો,
ન ચઢ્યો ગઢ ગિરનાર,
ન્હાયો ન ગંગા ગોમતી,
એનો એળે ગયો અવતાર!

કવિવર રાજેન્દ્ર શુક્લ, મનોજ ખંડેરિયા કે આપણા લોકકવિ દાદના સુપ્રસિદ્ધ સર્જનોમાં ગિર અને ગિરનાર-સોરઠના દર્શન પણ ખૂબ વિશિષ્ટ રીતે થાય છે. લોકસાહિત્ય થકી સંસ્કારની સરવાણી વહાવનાર ભીખુદાનભાઈ ગઢવી અનેક વાતોમાં સોરઠની મીઠી સોડમ સહજ રીતે જ પ્રગટતી જોવા મળે છે. આ મોંઘેરા મલકને પાકિસ્તાન સાથે જોડવાનો તઘલગી નિર્ણય કોઈ શાસક કરે અને સમસ્ત પ્રજા તેની સામે જાગૃત બની, એક બની ઉભી રહે તે ઘટના પણ આજ પ્રદેશની! નવેમ્બર મહિનામાં તથા દિપોત્સવના ભાતીગળ સમયમાં આ ઘટનાનું સહેજે સ્મરણ થાય. તે કાળે જ ભારત સરકારમાં રહીને આ વિષય (રીયાસતીખાતુ) સંભાળતા એક પોલાદી સંકલ્પવાળા ગુજરાતીની પણ તેમાં કપરી કસોટી હતી. સરદાર પટેલના નિર્ણયાત્મક બળ તથા આરઝી હકુમતના નામથી પ્રજાને દોરવણી આપતી વિચક્ષણ નેતાગીરીના સુમેળથી જૂનાગઢના અકુદરતી રીતે ઉભા કરવામાં આવેલા પ્રશ્નો સુખદ અંત આવ્યો. ઓક્ટોબર ૧૯૪૭ના અંતમાં નવાબ નાસી ગયા અને ત્યારબાદ સરદાર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં સોરઠ હરખની હેલીએ ચઢ્યું. શામળદાસ ગાંધીની સમર્થ નેતાગીરી હેઠળ વાસ્તવિક રીતે તો આ પ્રજાનો તેમજ ભારત સરકાર તથા સ્થાનિક નેતાગીરીની કુનેહનો વિજય હતો.

જગતના ઈતિહાસમાં એવી ઘટનાઓ અચૂક જોવા મળે છે કે જ્યારે શાસકો ટૂંકી તથા સ્વાર્થી દૃષ્ટિથી પ્રજા સમસ્તની લાગણીની કઠોર અવગણના કરીને કેટલાંક મહત્વના નિર્ણયો કરવા અને તેનો જોરજુલમથી અમલ કરાવવા પ્રયાસ કરે છે. અન્યાયના આવા દરેક કિસ્સામાં શાસકો અને પ્રજા વચ્ચે સંઘર્ષ થાય છે પરંતુ ક્યારેક પ્રજાના નસીબમાં આ હેતુ માટે લાંબો તથા યાતનાપૂર્ણ સંઘર્ષકાળ લખાયેલો હોય છે. જૂનાગઢની આરઝી હકુમતના સંઘર્ષના પરિણામે જે સત્યનો વિજય અને શાસકોના ગાંડપણનો પરાજય થયો તે ઘટના ખૂબ જ ગતિશીલ અને નિર્ણયાત્મક જણાય છે. ગણતરીના સમયમાં જ પ્રજામતનો ભવ્ય વિજય થયો. સંઘર્ષની કપરી પ્રક્રિયા દરમ્યાન પ્રજા ચોક્કસ અનેક પ્રકારની વ્યક્તિગત તથા સામુહિક યાતના અગવડોમાંથી પસાર થઈ. પરંતુ તેમનું મનોબળ સહેજ પણ નબળું ન પડ્યું તે નોંધપાત્ર હકીકત છે.

દેશને આઝાદી આપવાના બ્રિટિશ પાર્લામેન્ટના કાયદાથી દેશી રાજ્યો તથા અંગ્રેજ સરકાર વચ્ચેના તમામ કરારો કે સમજૂતીઓનો અંત આવતો હતો. આથી આવા રાજ્યો હિન્દુસ્તાન અથવા પાકિસ્તાન સાથે જોડાવાનો વિકલ્પ આપી શકે. કાશ્મીર તથા હૈદરાબાદમાં પણ આ જોડાણની બાબતને લઈને અનિર્ણાયકતા ઉભી થઈ તેમ જૂનાગઢના નવાબો વાસ્તવિક સ્થિતિનો વિચાર કર્યા સિવાય પાકિસ્તાન સાથે જોડાવાનો નિર્ણય જાહેર કર્યો. જૂનાગઢના નવાબ તથા તેમના દિવાન ભુટ્ટો પ્રજાની લાગણીની કદર કર્યા સિવાય, તેની સરેઆમ ઉપેક્ષા કરીને એવી વાતનું સમર્થન કરવા લાગ્યા કે કોઈ એક પ્રદેશને હિન્દુસ્તાન કે પાકિસ્તાન સાથે જોડાવાનો નિર્ણય કરવાનો નવાબનો અધિકાર છે. તેમાં પ્રજાને પૂછવાની કે તેમની લાગણી સમજવાની ક્યાં જરૂર છે? અણીના સમયે આવી મહત્વની ભૂલ કોઈ પણ કારણસર કરનાર શાસકના દિવસો જલ્દી ભરાઈ જતા હોય છે. કાળના પ્રવાહમાં અપયશ લઈને વિલિન થવાનું જ તેમના ભાગ્યમાં રહેલું હોય છે. ગાંધીજીને પણ નવાબનો આ નિર્ણય અજુગતો લાગ્યો. 'જુનાગઢ પાકિસ્તાનમાં કેવી રીતે જઈ શકે?' તેવી સહજ લાગણી તેમણે વ્યક્ત કરી. શામળદાસ ગાંધીની આગેવાનીમાં થયેલ મુક્તિ માટેની ચળવળને ગાંધીજીના આશીર્વાદ તથા સરદાર પટેલનું બળ મળ્યા હતા. જે લડતના સમર્થનમાં સમસ્ત પ્રજા જોડાયેલી હોય અને જે ન્યાયના પાયા ઉપર લડાતી હોય તે નિષ્ફળ જતી નથી તેની સાક્ષી જગતના ઈતિહાસની ઘણી ઘટનાઓ પૂરે છે. આરઝી હકૂમતની ચળવળ આવી જ એક સ્વયંભૂ તથા ન્યાય મેળવવા માટેની લડાઈ હતી.

નવાબ મહોબતખાન (ત્રીજા) તથા તેના કુટનીતિજ્ઞ દિવાન શાહનવાઝ ભુટ્ટોની મુરાદ પાર ન પડી તેનું ગૌરવ લઈ શકાય તેવી ઘટના છે. આરઝી હકૂમત એક વિશિષ્ટ ઘટના તથા સુઆયોજિત વ્યવસ્થા હતી. આરઝી હકૂમતની લડતને પ્રજાના તમામ વર્ગોનું સમર્થન મળ્યું હતું. શામળદાસ ગાંધી, સુરગભાઈ વરૂ, રસિકભાઈ પરીખ, દૂર્લભજી ખેતાણી, દરબાર ગોપાળદાસ, રતુભાઈ અદાણી, પુષ્પાબેન મહેતા વગેરે અનેક પ્રતાપી અને ઓજસ્વી નેતાઓએ લડતને અસરકારક દોરવણી આપી હતી. તેમનો વિજય એ જ કાળની ગતિ હતી. કવિશ્રી કાગ (ભગતબાપુ)એ આ વાત તેમની સરળ છતાં અસરકારક વાણીમાં મૂકી છે.

'કાગ સાધન બધા કાળના રમકડાં,
જૂનાગઢના બનાવે જણાવ્યું,
બાબી મહોબત તણો દી ફર્યો જે સમય
તે સમય એ બધું કામ નાવ્યું'

શામળદાસ ગાંધીને વધાવતા કવિ કાગ લખે છે:
માતા વધાવે મોભીને, સદ્‌ગીત ગાવે ચારણાં,
ધાવેલ ધાવણ કર્યું ઉજવળ, વીર તારા વારણાં,
હું 'કાગ' ગાંધી એક ગાતો, સાથ ભળીઓ શામળો...

ઓક્ટોબર-નવેમ્બરના મહિનાઓમાં આ પ્રજાકીય જુવાળની સ્વાભાવિક રીતે સ્મૃતિ તાજી થાય છે. લોકશક્તિ અને રાજકીય કૂનેહ જયાં હાથમાં હાથ પરોવી આગળ વધતા હોય તો તે ગતિને એકાદ શાસક તો શું પરંતુ કાળનો ગમે તેવો વિપરિત પ્રવાહ પણ અટકાવી શકતા નથી. આ વાતની પુનઃપ્રતીતિ સોરઠની આ ઘટનાને વાગોળીએ ત્યારે જરૂર થાય છે. ગુજરાતની ભાવી પેઢીઓ સુધી પહોંચડવા જેવી, જીવંત રાખવા જેવી આ ઘટના છે. કાળનાં અવિરત વહેતા પ્રવાહ પર તેની અમીટ છાપ પડેલી છે. ફરી એક વખત સંતો અને સાવજની આ ભૂમિને લોકકવિના શબ્દોથી વંદન કરીએ.

સિંહ ગિરા મઠ મંદિરા નારી નીર નરાં,
ખ્યાતાં બાતાં બંદરા, સોરઠ સંત સરાં

● તેજ તણખો

ઓરીસા (ઓડિસા) તથા આંધ્રના કાંઠા વિસ્તારના કેટલાંક વિસ્તારોમાં તાજેતરમાં જ ફૂંકાયેલા વાવાઝોડાએ અનેક શીખવા જેવી તથા આપત્તિ સમયે અનુકરમ કરવા જેવી બાબતો સમાજ સામે તેમજ તંત્ર સામે મૂકી છે. પૂર્વતૈયારી કેટલો મોટો ફેર પાડીને માનવ જાનહાનિ કદાચ સંપૂર્ણપણે રોકી ન શકે તો અટકાવી તો જરૂર શકે છે તે વાત પણ પુનઃ સ્પષ્ટ થઇ. ઓડિશાના દરિયા કિનારા પરના ગોપાલપુરમાં વાવાઝોડું સૌ પ્રથમ ત્રાટકે તેવી આગાહી હતી. સ્વાભાવિક રીતે જ ગોપાલપુર ખાલી હતું. પરંતુ ગોપાલપુરની દરિયાકિનારે આવેલી દીવાદાંડી કાર્યરત રહે તે જરૂરી હતું. આ દીવાદાંડીના કર્મચારીઓ તીવ્ર ગતિથી ફૂંકાતા જોખમી પવન સામે આખી રાત સિગ્નલ ચાલુ રાખીને માહિતી પહોંચાડતા રહ્યા જે માહિતી આપત્તિના નિવારણ માટે, સામનો કરવા માટે જરૂરી હતી. આ નાના ફીલ્ડના કર્મચારીઓનાં બે કુટુંબો સિવાય સમગ્ર વિસ્તાર ખાલી અને સુમસામ! કાન ફાટી જાય તેવા બિહામણા અવાજો, બારી-બારણોના તુટીને વેરણ છેરણ તથા કાચના ટૂકડાઓ વચ્ચે પોતાની ફરજ નિભાવનારા આ કર્મચારીઓ અને તેમનાં કુટુંબીજનોને સલામ નહિ કરીએ? કચ્છનાં ભીષણ ભૂકંપ વખતે પણ આવા ફરજ પરસ્તીના કિસ્સા જોવા મળ્યાં હતા. આ બાબત માધ્યમોમાં પ્રકાશિત ન થઇ હોય તો કદાચ ધ્યાન બહાર પણ જાત.

આપ બળે પર ઓલવે
લેતા લડથડિયાં,
એવા ઘડનારે ઘડિયા,
કોક કોક માનવ કાગડા (કવિ કાગ)